ક્રમાંક:મા.વિ.૩/પરિપત્ર/માતૃપિતૃદિન/૨૦૧૯/ ૯૧૩૧

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા.૦૭/૦૨/૨૦૧૯

પ્રતિ,
આચાર્ય શ્રી,
સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
બનાસકાંઠા.

વિષય : ૧૪ મી ફેબ્રુઆરી માતૃ-પિતૃ પૂજન દિવસ ઉજવવા બાબત.

માતૃ-પિતૃ વંદના એ ભારતની સંસ્કૃતિ રહી છે. જો તમે માતા-પિતાની સેવા કરશો તો બધા જ તીર્થનું ફળ તમને પ્રાપ્ત થઈ શકે છે. તેમના ચરણથી મોટું કોઈ તીર્થ નથી. ભારતીય પરંપરામાં ચાર સૂત્રો આપવામાં આવ્યા હતા. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ અને અતિથી દેવો ભવ. આ સૂત્રોનું મહત્વ ઘટતું રહ્યું છે. આ સમયે એક વાત સહુંએ સ્વીકારવી પડશે, જે પોતાના મૂળ ભુલી જાય છે ત્યારે સમાજની અંદર ઉલ્કાપાત સર્જાતો હોય છે. વર્તમાન સમયમાં યુવાધન દેશની ભવ્યસંસ્કૃતિથી વિમુખ અને પશ્ચાત સંસ્કૃતિના અંધાનુકરણથી પ્રભાવિત થઇ રહ્યું છે. ત્યારે આપની શાળાના બાળકોને અત્યારથી જ ઉત્તમ સંસ્કારો નું સિંચન કરવા અને આપણી સંસ્કૃતિ અને અમૂલ્ય વારસાના રક્ષણ અર્થે ૧૪- ફેબ્રુઆરીના રોજ માતા પિતા પૂજન દિવસનો સંદેશ પાઠવવાનો છે. આથી તમામ શાળાઓએ ૧૪ ફેબ્રુઆરીના રોજ માતૃ- પિતા પૂજન દિવસ મનાવવાનો રહેશે અને આ કાર્યક્રમ અંગેનો બીડાણમાં આપેલ અહેવાલ મુજબ (ફોટા સહિત) હાર્ડ કોપી SVS તથા લાયઝન અધિકારીને તા. ૧૬-૦૨-૨૦૧૮ (શનીવાર) સાંજે ૬:૦૦ કલાક પહેલાં કચેરીમાં રજુ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા.

બીડાણ: અહેવાલનો નમુનો

# માતૃ- પિતૃ પૂજન દિવસનો અહેવાલ

- શાળાનું નામ :
- આચાર્યશ્રીનું નામ:
- મો.નં.

૧) કાર્યક્રમમાં ઉપસ્થિત વાલિઓની સંખ્યા.

૨) કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓના નામ.

૧)........................................ ૨).......................................

3) કાર્યક્રમમાં કરવામાં આવેલ પ્રવૃતિનું વિવરણ

૪) કાર્યક્રમનાં ફોટોગ્રાફસ (ઓછામાં ઓછા 3)